# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૯/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 3326-1 તારીખ : 9-5-19

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
કમાણી વિવેક હસમુખભાઈ
રુદ્રાક્ષ કોમ્પલેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં -૨, ગોંડલ રોડ, પરફેક્ટ મોટર સામે,
મું. પો. : કોઠારિયા, તા. : રાજકોટ , જી. : રાજકોટ,

વિષય : નામ બદલી માં વિલંબ બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૩-૦૪-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૯/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રીના દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

2B

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯/ક્વા–૧/૨૦૧૯–૨૦/ 3376-1 તા. 9-5-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૯/ક્વા–૧/૨૦૧૯–૨૦

અરજદાર: કમાણી વિવેક હસમુખભાઈ ગામ: કોઠારિયા

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ – રાજકોટ શહેર-૩

:: ફોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ.
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., ગ્રામ્ય વર્તુળ કચેરી – રાજકોટ
તારીખ: 08-May-19

૧.૦ સદર કેસની સુનાવણી તા. 08-May-19ના રોજ રાખવામાં આવેલ ત્યારે સદર કેસની સુનાવણી કરવામાં આવેલ.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની અરજી ના નોંધણી નંબર :૯/ક્વા–૧/૨૦૧૯–૨૦ મા જણાવે છે કે, અરજદારે ૦૧ કીવો નુ વાણીજય જોડાણ નં.: ૩૪૫૧૩/૩૬૨૨૧/૯ માં નામ બદલી કરવા માટે તા.૧૪–૦૨–૧૯ ના રોજ અરજી કરેલ. જે અનુસંધાને વાવડી પેટા વિભાગીય કચેરી મા નામ બદલી બાબતે તપાસ કરતા યોગ્ય જવાબ આપવામા આવતો નથી. તેમજ, કચેરી દ્વારા જણાવાયેલ છે કે સ્ટાફ પૂરતો નથી, તેમજ અન્ય જુદા જુદા કારણો બતાવી અને નામ બદલી માટે રજીસ્ટ્રેશન ની કાર્યવાહી થતી નથી,કોઈ પ્રાયોરીટી મુજબ કામ થતુ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર વિવેક હસમુખભાઈ કમાણી દ્વારા તેમના NRGP કનેક્શન ગ્રાહક નંબર:૩૪૫૧૩૩૬૨૨૧૯ માં નામ બદલી માં વિલંબ થવા બાબતે આપની સમક્ષ ફરિયાદ કરેલ છે.

૩.૧ અરજદાર શ્રી દ્વારા તેઓ દ્વારા ખરીદેલ દુકાન નં.ર, ગ્રાઉન્ડ ફ્લોર, રુદ્રાક્ષ કોમ્પ્લેક્ષ, ગોંડલ રોડ, કોઠારીયા ગ્રાહક નં- ૩૪૫૧૩/૩૬૨૨૧/૯ માં જુના નામ દેવ મુરારી કાન્તિલાલ પર થી તેઓના નામે નામ બદલી કરવા તા.૧૪.૦૨.૧૯ ના રોજ વાવડી અર્બન સબડીવીઝન માં A1 ફોર્મ સાથે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ.

૩.૨ ઉપરોક્ત બાબતે સદર કનેક્શન પેટે ૦.૧૩ રૂ. બાકી લેણા હતા જેને કારણે SR થઇ શકેલ નહી જેના અનુસંધાને ગ્રાહક દ્વારા તા.૧૬.૦૩.૧૯ ના રોજ રૂ.૨૦ ભરપાઈ કરવામાં આવેલ. જેથી વાવડી અર્બન સબડીવીઝન દ્વારા નામ બદલી ની SR NO.11798263 તા.૦૧.૦૪.૧૯ થી રજીસ્ટ્રેશન કરવામાં આવેલ. જેના રજીસ્ટ્રેશન ચાર્જ ગ્રાહક દ્વારા તા.૦૨.૦૪.૧૯ ના રોજ ભરપાઈ કરતા તા.૧૨.૦૪.૧૯ થી પત્ર નં.૨૭૨૮ થી અંદાજ પત્ર ગ્રાહક શ્રી ને આપવામાં આવેલ.

૩.3 અરજદાર શ્રી દ્વારા અંદાજપત્ર તા.૧૨.૦૪.૧૯ ના રોજ ભરપાઈ થતા તા.૧૬.૦૪.૧૯ થી વાવડી અર્બન સબડીવીઝન દ્વારા SR ક્લોઝ કરી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ અને રેકોર્ડ પર નવું નામ આવી ગયેલ હોય જેની નકલ રજુ કરેલ છે.

૩.૪ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર માં સદર ફરિયાદ ગ્રાહક શ્રી ના જાણ બહાર કરવામાં આવેલ છે તથા કંપની ની કામગીરી થી ગ્રાહક શ્રી સંતુષ્ટ હોય જે બદલ સમાધાન પુરસીસ ભરેલ છે જે આપ સાહેબ ની જાણ સારું.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટિ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ થી ૩.૪ માં જણાવ્યા મુજબ- અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થતા અરજદાર ને સદર બાબતે કોઈ ફરિયાદ ન રહેતા, સમાધાનપત્ર(પુરશીશ) તા. ૧૨-૦૪-૧૯ થી રજુ કરાયેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| --- | --- | --- |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |